# પ્રસારભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19-12-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર હેમાંગિની સોનારા વાંચે છે.

****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું યોગએ સમગ્ર વિશ્વને સ્વાસ્થ્ય, સંતુલન અને સુમેળનો માર્ગ બતાવ્યો
2. સંસદનું શિયાળુ સત્ર આજે પૂર્ણ - વિકસિત ભારત G RAM G સહિત અનેક મહત્વના ખરડા પસાર થયા
3. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દેશમાં બંદર સુરક્ષા માટે, બ્યુરો ઓફ પોર્ટ સિક્યુરિટીની રચના કરવા નિર્દેશ આપ્યો
4. ગુજરાતમાં SIR પ્રક્રિયા બાદ મુસદ્દા મતદાર યાદી જાહેર - ચાર કરોડ 34 લાખ મતદાર નોંધાયા
5. પુરૂષ ક્રિકેટમાં, ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે આજે પાંચમો T20 મુકાબલો

……………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## PM-WHO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભાર મૂક્યો કે સંતુલન પુનઃસ્થાપિત કરવું એ ફક્ત વૈશ્વિક કારણ નથી પરંતુ વૈશ્વિક તાકીદ છે. નવી દિલ્હીમાં વિશ્વ આરોગ્ય સંસ્થા-WHOના પરંપરાગત દવા પરના બીજા વૈશ્વિક શિખર સંમેલનના સમાપન સમારોહને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે યોગે સમગ્ર વિશ્વને સ્વાસ્થ્ય, સંતુલન અને સુમેળનો માર્ગ બતાવ્યો છે. તેમણે કહ્યું કે ભારતના પ્રયાસો અને 175 થી વધુ દેશોના સહયોગથી, 21 જૂનને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ જાહેર કરવામાં આવ્યો. તેમણે કહ્યું કે વર્ષોથી, દરેક વ્યક્તિએ યોગને વિશ્વના દરેક ખૂણામાં પહોંચતો જોયો છે.

(બાઇટ : PM-ON-YOG)

આ પ્રસંગે, શ્રી મોદીએ WHOના મહાનિદેશક ડૉ. ટેડ્રોસ અધાનમ ઘેબ્રેયસસ સાથે દિલ્હીમાં નવા WHO-દક્ષિણ પૂર્વ એશિયા પ્રાદેશિક કાર્યાલય સંકુલનું ઉદ્ઘાટન કર્યું, પ્રધાનમંત્રીએ યોગમાં તાલીમ પર WHO ટેકનિકલ રિપોર્ટ અને આયુષમાં “રૂટ્સ ટુ ગ્લોબલ રીચ: 11 યર્સ ઓફ ટ્રાન્સફોર્મેશન” પુસ્તકનું પણ વિમોચન કર્યું.

----------

## EVE PARLIAMENT-SINE DIE

સંસદના બંને ગૃહોને અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવ્યા હતા. પહેલી ડિસેમ્બરે શરૂ થયેલુ 19 દિવસનું શિયાળુ સત્ર આજે પૂર્ણ થયું. પોતાના સમાપન સંબોધનમાં, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ જણાવ્યું

હતું કે ગૃહની ઉત્પાદકતા લગભગ 111 ટકા હતી. તેમણે કહ્યું કે ગૃહની કુલ 15 બેઠકો યોજાઈ હતી. રાજ્યસભાના સભાપતિ સી.પી. રાધાકૃષ્ણને તેમના સમાપન ભાષણમાં જણાવ્યું કે ગૃહ લગભગ 92 કલાક કાર્યરત હતું અને 121 ટકા ઉત્પાદકતા નોંધાઈ હતી. સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ : મયુર સોલંકી)

*શિયાળુ સત્ર દરમિયાન, લોકસભા અને રાજ્યસભામાં રાષ્ટ્રીય ગીત વંદે માતરમની 150મી વર્ષગાંઠ અને ચૂંટણી સુધારાઓ-SIR પર વિશેષ ચર્ચા થઈ. આ ઉપરાંત, અનેક મહત્વપૂર્ણ ખરડા પસાર કરાયા. વિકસિત ભારત - રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) માટે ગેરંટી: વિકસિત ભારત - જી રામ ખરડો 2025 પસાર કરાયો. તે અંતર્ગત, દરેક ગ્રામીણ પરિવારને દર વર્ષે સો દિવસની જગ્યાએ 125 દિવસની વેતન રોજગારી પૂરી પાડવામાં આવશે. સંસદે ભારત પરિવર્તન માટે પરમાણુ ઊર્જાનો ટકાઉ ઉપયોગ અને પ્રગતિ ખરડો, 2025, સબકા બીમા સબકી રક્ષા (વીમા કાયદામાં સુધારા ખરડો અને રદ્દીકરણ અને સુધારા ખરડો, 2025 ને પણ મંજૂરી આપી.*

*આનંદ કુમારના અહેવાલ સાથે મયુર સોલંકી, આકાશવાણી સમાચાર અમદાવાદ*

----------

## REV RIJIU - WINTER SESSION

કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું, સંસદના શિયાળુ સત્રમાં પસાર થયેલા ખરડા કરોડો લોકોના જીવનને સુધારવામાં અને ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે. નવી

દિલ્હીમાં શિયાળુ સત્રના સમાપન પછી મીડિયાને સંબોધતા શ્રી રિજિજુએ સંસદના શિયાળુ સત્રને દેશ માટે ખૂબ જ ઉત્પાદક ગણાવ્યું. તેમણે કહ્યું કે, આ પહેલીવાર હતું જ્યારે ચૂંટણી સુધારા-SIR પર અલગથી ચર્ચા થઈ હતી.

(બાઇટ : KIREN-RIJIJU, કેન્દ્રીય મંત્રી)

----------

## REV. LS- IMPEACHMENT MOTION

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ જણાવ્યું કે તેઓ મદ્રાસ વડી અદાલતના ન્યાયાધીશ સામે વિપક્ષી સાંસદો દ્વારા રજૂ કરાયેલા નિયમો અને પ્રક્રિયા મુજબ મહાભિયોગ પ્રસ્તાવ પર વિચાર કરી રહ્યા છે. ડીએમકે અને અન્ય વિપક્ષના સંસદ સભ્યોએ લોકસભા અધ્યક્ષ સમક્ષ એક પ્રસ્તાવ રજૂ કર્યો છે, જેમાં બંધારણના અનુચ્છેદ 217 અને 124 વાંચીને મદ્રાસ વડી અદાલતના ન્યાયાધીશ જીઆર સ્વામીનાથન સામે મહાભિયોગની માગ કરવામાં આવી છે.

ન્યાયાધીશ સ્વામીનાથને તાજેતરમાં જ ભક્તોને દરગાહ નજીક તિરુપ્પરંકુન્દ્રમ ટેકરી પર એક પથ્થરના સ્તંભ પર દીવો પ્રગટાવવાની મંજૂરી આપી હતી. સંસદમાં ન્યાયાધીશને મહાભિયોગ કરવા માટે, 100 લોકસભા સાંસદો અથવા 50 રાજ્યસભા સાંસદો દ્વારા હસ્તાક્ષરિત દરખાસ્ત પર મંજુરી આપવી જરૂરી છે.

----------

## OM BIRLA - MPs

શિયાળુ સત્ર પૂર્ણ થયા બાદ લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ આજે સંસદ ભવનમાં તેમના કાર્યાલયમાં વિવિધ રાજકીય પક્ષોના સંસદ સભ્યો સાથે મુલાકાત કરી. આ મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય મંત્રીઓ રાજનાથ સિંઘ, અર્જુન રામ મેઘવાલ અને કે રામમોહન નાયડુ, કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી, એનસીપી (સપા) સાંસદ સુપ્રિયા સુલે, સમાજવાદી પાર્ટીના સાંસદ ધર્મેન્દ્ર યાદવ, એલજેપી (રામવિલાસ) ના વડા ચિરાગ પાસવાન સહિત અનેક સાંસદ હાજર રહ્યા હતા.

----------

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

------------------------------------------------------------------------------

## PREZ-NATIONAL CONFERENCE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે દેશના જાહેર સેવા આયોગોને તકની સમાનતા માટે કામ કરવાની સાથે પરિણામોની સમાનતાના ધ્યેયને પ્રાપ્ત કરવા માટે પ્રયાસો કરવા આહ્વાન કર્યું. હૈદરાબાદ ખાતે રાજ્ય જાહેર સેવા આયોગોના અધ્યક્ષોની રાષ્ટ્રીય પરિષદને સંબોધતા સુશ્રી મુર્મુ એ કહ્યું કે UPSC અને PSC એ ભરતીમાં અખંડિતતા અને પ્રામાણિકતાના પાસાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી જોઈએ.

બંધારણ નિર્માતાઓએ સેવાઓ અને PSCને સંપૂર્ણ ભાગ સમર્પિત કર્યો હતો તે યાદ કરતાં રાષ્ટ્રપતિએ કહ્યું કે ભારતનું બંધારણ જાહેર સેવા આયોગોના મહત્વને ઉજાગર કરે છે.

----------

## HM-BoPS MEETING

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે દેશભરમાં એક મજબૂત બંદર સુરક્ષા માળખુ સ્થાપિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. નવી દિલ્હીમાં જહાજો અને બંદર સુવિધાઓની સુરક્ષા માટે સમર્પિત સંસ્થા, બ્યુરો ઓફ પોર્ટ સિક્યુરિટીની રચના માટે એક બેઠક બોલાવીને, તેમણે નિર્દેશ આપ્યો કે સુરક્ષા પગલાં નબળાઈઓ, વેપાર સંભાવના, સ્થાન અને અન્ય સંબંધિત પરિમાણોને ધ્યાનમાં રાખીને ક્રમિક અને જોખમ-આધારિત રીતે લાગુ કરવામાં આવે.

મંત્રાલયે માહિતી આપી હતી કે બંદર સુરક્ષા બ્યુરોની રચના નવા જાહેર કરાયેલા મર્ચન્ટ શિપિંગ એક્ટ, 2025ની કલમ 13 હેઠળ એક વૈધાનિક સંસ્થા તરીકે કરાશે.

----------

## GUJARAT SIR

મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા- SIR ઝુંબેશ હેઠળ ચૂંટણી પંચે આજે ગુજરાત માટે મુસદ્દા મતદાર યાદી જાહેર કરી છે. રાજ્યમાં મુસદ્દા યાદીમાં લગભગ 4 કરોડ 34 લાખ મતદારો નોંધાયા છે. નોંધનીય છે કે, ડેટાબેઝની ચોકસાઈ અને શુદ્ધતા સુનિશ્ચિત કરવા માટે, સુધારણા પ્રક્રિયાના પરિણામે મૃતકો, સ્થળાંતરિત અને ડુપ્લિકેટ એન્ટ્રીઓ સહિત 73 લાખ 73 હજારથી વધુ નામો યાદીમાંથી દૂર કરવામાં આવ્યા હોવાનું રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી હરિત શુક્લાએ જણાવ્યું.

**(બાઇટ : હરિત શુક્લા, મુખ્ય ચૂંટણી અધિકારી)**

કુલ 5 કરોડ 8 લાખ મતદારોમાંથી, 4 કરોડ 34 લાખ મતદારોના રેકોર્ડ સંપૂર્ણપણે ડિજિટાઇઝ કરવામાં આવ્યા છે. નાગરિકો હવે 18 જાન્યુઆરી, 2026 સુધી તેમના દાવા અને વાંધાઓ મોકલી શકે છે. સત્તાવાર સમયપત્રક અનુસાર, ચૂંટણી અધિકારીઓ અંતિમ પ્રકાશન પહેલાં 10 ફેબ્રુઆરી, 2026 સુધીમાં આવા તમામ દાવાઓ અને વાંધાઓનો નિકાલ કરશે.

----------

## CRICKET T20

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે પાંચમી અને અંતિમ ટી-20 આંતર-રાષ્ટ્રીય મૅચ આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાઇ રહી છે. દક્ષિણ આફ્રિકાએ ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરી છે. છેલ્લા અહેવાલ પ્રમાણે ભારતે 9.1 ઓવરમાં 2 વિકેટે 97 રન કર્યા છે.

સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ભારતીય ટીમ આ સ્પર્ધામાં 2-1થી આગળ છે.

----------

## JAISHANKAR- NETHERLANDS

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે નવી દિલ્હીમાં નેધરલેન્ડના તેમના સમકક્ષ ડેવિડ વાન વીલ સાથે મુલાકાત કરી. સોશિયલ મીડિયા સંદેશમાં ડૉ. જયશંકરે જણાવ્યું કે તેમણે બંને દેશોના વેપાર, સંરક્ષણ, શિપિંગ, પાણી, કૃષિ, આરોગ્ય અને સંસ્કૃતિ સહિત દ્વિપક્ષીય સહયોગ પર ચર્ચા કરી. તેમણે ઉમેર્યું કે બંને પક્ષોએ સેમિકન્ડક્ટર, પ્રતિભા ગતિશીલતા અને નવીનીકરણીય ઊર્જામાં નવી તકો પર પણ ચર્ચા કરી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે બંને મંત્રીઓએ બહુપક્ષીય સહયોગ અને બંને દેશોના વૈશ્વિક મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું.

----------